# ECHO OF HIS CALL

# સાદનો પ્રતિસાદ

GUJARATI

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE (ECHO GROUP)

*India's National Spiritual Newspaper*

₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

Editor : S. SAM SELVA RAJ | 16 Languages | Associate Editor : Bro. Pankaj C. Wadia

VOL: XXIV | YEAR OF OUR LORD JESUS CHRIST, MAY 2022 | NO: 03


**પવિત્ર બાઈબલ**

**કૃપા કરી આ ભાગ મોઢે કરો**

**પ્રભુની સ્તુતિ થાઓ!!**

**નીતિવચનો ૨૨:૧-૧૦**

૧. ભલુ નામ એ પુષ્કળ ધન કરતાં, અને પ્રેમયુક્ત રહેમનજર સોનારૂપા કરતાં ઈચ્છવાજોગ છે.

૨. દ્રવ્યવાન અને દરિદ્રી ભેગા થાય છે; યહોવા એ સર્વનો કર્તા છે.

૩. ડાહ્યો માણસ હાનિ આવતી જોઈને સંતાઈ જાય છે; પણ મૂર્ખ માણસ આગળ ચાલ્યો જાય છે અને દંડાય છે.

૪. ધન, આબરૂ તથા જીવન એ નમ્રતાનાં અને યહોવાના ભયનાં ફળ છે.

૫. આડા માણસના માર્ગમાં કાંટા તથા ફાંદા છે; પોતાના આત્માને સંભાળનાર તેથી દૂર રહેશે.

૬. બાળકે જે માર્ગમાં ચાલવું જોઈએ તેમાં ચાલવાનું તેને શિક્ષણ આપ, એટલે તે વૃધ્ધ થશે ત્યારે તેમાંથી તે ખસશે નહિ.

૭. દ્રવ્યવાન ગરીબ પર સત્તા ચલાવે છે, અને દેણદાર લેણદારનો દાસ છે.

૮. જે અન્યાય વાવશે તે વિપત્તિ લણશે; અને તેના ક્રોધની સોટી વ્યર્થ જશે.

૯. ઉદાર દ્રષ્ટિના માણસ પર આશીર્વાદ ઊતરશે; કેમ કે તે પોતાના અન્નમાંથી દ્રરિદ્રીને આપે છે.

૧૦. તિરસ્કાર કરનારને દૂર કર, એટલે કજિયો સમી જશે; હા, તકરાર તથા લાંછનનો અંત આવશે.

## શું આપણે છેલ્લા દિવસોમાં જીવી રહ્યા છીએ?

### ARE WE LIVE IN THE LAST DAYS?



*ભાઈ એમ. પોલરાજ*

હાલમાં વિશ્વ રશિયા તથા તેના પડોશી યૂક્રેન વચ્ચેની લડાઈને કારણે પરેશાન છે. આ લડાઈ ૨૪મી ફેબ્રુવારી, ૨૦૨૨ થી શરૂ થઈ હતી અને તે હજુ પણ ચાલુ છે, જેમાં ફક્ત ત્યાંથી પરદેશી દેશોના વિદ્યાર્થીઓને બહાર કાઢવા માટે ૫મી માર્ચ, ૨૦૨૨ના રોજ ૭ કલાકનો યુધ્ધ વિરામ લેવામાં આવ્યો હતો. રશિયાને પહેલા દિવસે યૂક્રેન પર ચઢાઈ કરવામાં સરળતા રહી હતી પણ તેને યૂક્રેન તરફથી તીવ્ર પ્રતિકાર મળ્યો હતો. હવે આ યુધ્ધ ૨૧મી માર્ચ, ૨૦૨૨ના દિવસ સુધી ૨૬માં દિવસમાં પહોચ્યું છે. જો કે મિત્ર રાષ્ટ્રો તરફથી હથિયારો મળવાથી યૂક્રેન તીવ્ર પ્રતિકાર આપ્યો હતો, તા પણ તેની રશિયા સામે કોઈ સરખામણી થઈ શક્તી નથી. રશિયાનો ગુસ્સો એ હતો કે યૂક્રેન યૂરોપિયન યૂનિયન અને NATO સાથે જોડાવવાની યોજના કરી રહ્યુ છે અને આનાથી કદાચ તેમની સરહદો (રશિયાની) NATO દળોને પ્રવેશવા માટે ખૂલ્લી થઈ જશે! ઘણા યૂરોપિયન દેશો હવે રશિયાની નજીક રહે છે. તેથી રશિયાનો ભય નિરાધાર છે. સાર્વભોમ રાષ્ટ્ર તરીકે યૂક્રેનને સર્વ અધિકાર છે તેમની રીતે કંઈ પણ પસંદ કરવાનો. લડાઈ ફક્ત રશિયાના ઘમંડને કારણે જ થયું છે! વિશ્વના દેશો, ખાસ કરીને અમેરીકા અને પશ્ચિમના દેશોએ રશિયાના આક્રમણની નિંદા કરી છે અને તેની વિરુધ્ધ ઘણા પ્રતિબંધો જાહેર ક્યાં છે. કેટલાક યૂરોપિયન દેશો જેવા કે બ્રિટન અને જર્મનીએ યૂક્રેનને શસ્ત્રો પૂરા પાડ્યા છે. રાષ્ટ્રપતિ બાઈડને સ્પષ્ટ ક્યુ છે કે NATO દેશો સીધી કાર્યવાહીથી દૂર રહેશે કારણ કે તેમ કરવાથી ત્રીજુ વિશ્વયુદ્ધ શરૂ થઈ શકે છે. હવે, જે કંઈ હોય, ધારણાઓ અને નિર્ણયો કદાચ બદલાઈ શકે છે, અમેરીકા તથા કેટલાક યૂરોપિયન યૂનિયનના દેશોની તાકીદની જરૂરીયાતોને કારણે અને કેટલાક યૂરોપિયન યૂનિયનના દેશો એકદા બે દિવસમાં આગળની પરિસ્થિતિ પર ચર્ચા કરવા બ્રસેલ્સમાં મળવાનાં છે. રશિયાએ યૂક્રેનના શહેરો પર હૂમલો ક્યો છે! તેઆએ સુપરસોનિક યુધ્ધ વિમાનોનો ઉપયોગ ક્યો છે અને યૂક્રેન પર આધૂનિક બોમ્બો સાથે હૂમલા ક્યાં છે. હવે એવું લાગે છે કે રશિયા તરતમાં યુધ્ધ થોભાવવા વિશ્વનો કે આંતરરાષ્ટ્રિય ન્યાય કોર્ટનો અવાજ સાંભળવા માગતું નથી.


યૂક્રેનના અધ્યક્ષ વોલોદીમીર ઝેલેન્સ્કી, કોમેડીયનમાંથી રાજકારણી બન્યા છે, તેમણે લડાઈના હીરો તરીકે કામ ક્યુ છે અને યૂક્રેનના સર્વ લોકો તેની સાથે ઊભા છે. હાલની તેમના ઈસ્રાએલના પાર્લામેન્ટ સાથેની આભાષી ભાષણમાં તેમણે દાવો ક્યો છે કે તેઓ યહૂદીઓના વંશજ છે અને તેમની સહાય માટે તેમની હાકલ કરી છે.

હવે ઈસ્રાએલના વડાપ્રધાન નાફતાલી બેન્નેટ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આમંત્રણથી ૨જી એપ્રિલ ૨૦૨૨ના રોજ ભારતની

(અનુસંધાન પાન ૩ પર)

# ECHO OF HIS CALL - (1969-2019 GOLDEN JUBILEE YEAR)

(ECHO GROUP)



## *from your dearly beloved brother...*

"યહોવાનો જમણો હાથ ઊંચો થયેલો છે;
યહોવાનો જમણે હાથ પરાક્રમ કરે છે."
– (ગીતશાસ્ત્ર ૧૧૮:૧૬)



### આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઈએ અને શીખવવું જોઈએ. આ સમયની જરૂરિયાત છે.


CHIEF EDITOR

Angeline Selvakumari Henry, M.A., M.Ed.

MANAGING EDITOR

Pastor Alex Samson Sam, B.Th., M.Div.

ADMINISTRATION

Bro. N. Prakasam, M.A., General Manager

EDITORIAL BOARD

Sis. Jesy Veena Sam
Bro. M. Paulraj, M.A., B.Ed.
Sis. Serena Bevin, M.A., M.Phil., B.Ed.



EDITOR, PUBLISHER & PRINTER

Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 95661 31858

E.mail ID

sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in

WEBSITES

www.echoofhiscall.org
www.stpaulsmatriculation.com

YOUTUBE CHANNEL

Echo of His Call


ખ્રિસ્તમાં પ્રિય વહાલાઓ,

અમે તમને આપણા પ્રભુ તથા તારનાર પ્રભુ ઈસુ ખ્રિસ્તના અનૂપમ નામમાં સલામ પાઠવીએ છીએ!

તમારી પ્રાર્થનાઓ તથા સહાયતા અમને દિવસેને દિવસે વધુ ઊંચાઈએ લઈ જાય છે. તેથી અમે તમારા માટે પ્રાર્થના કરવા બંધાયેલા છે. અમે તમારો આભાર માનવાનો હક્ક પણ ધરાવીએ છીએ.

મે મહિનામાં, ભારતમાં બાળકો અને યૂવાનો સ્કૂલોમાં તથા કોલેજોમાં રજાઓનો આનંદ માણી રહ્યા છે. આ રજાઓ દરમિયાન દુન્યવી બાબતોમાં સમય ન વેડફો પણ અમે તમને પ્રોત્સાહન આપીએ છીએ અને તમારા બાળકોને આગળ આવવા કે જેથી પ્રભુ માટે તમે કંઈ ઉપયોગી કરી શકો. તમે ચર્ચની ખાસ સેવાઓમાં ભાગ લઈ શકો છો અને ચર્ચની જાળવણીના કામમાં સહાય કરી શકો છો, એવી રીતે ઈશ્વરને પ્રસન્ન કરી શકો છો. જો તમે આવા કામ કરશો તો ઈશ્વર તમારા કુટુંબોને આશીર્વાદ આપશે. પ્રભુએ તમારા માટે અને તમારા કુટુંબો માટે ઘણા સારા કામો કર્યા છે, તે લાભોને ભૂલશો નહિ.

અમે, ઈશ્વરના તમારા સેવકો, આનંદ સાથે પ્રવૃતિઓમાં કાર્યરત છીએ અને મોટી પ્રેરણા સાથે. અમારી અંગ્રેજી હાઈસ્કૂલ, તામિલ સાંધ્ય બાઈબલ કોલેજ, હિન્દી ઓનલાઈન બાઈબલ વર્ગો તેમજ અંગ્રેજી તથા તામિલમાં ચાલતા આંતર શિક્ષણ અભ્યાસક્રમો સારી રીતે અને સફળતા સાથે કાર્યરત થાય છે, **ઈકો ઓફ હીજ કોલ** સામયિક સાથે, જે ૧૬ ભાષાઓમાં પ્રકાશિત થાય છે. અમારી વધતી ચર્ચ સેવા અને હિન્દી નિવાસી બાઈબલ કોલેજ આવતા મહિનેથી શરૂ થઈ રહી છે. આ સર્વ પ્રવૃતિઓ યોગ્ય રીતે કાર્યરત રહે તે માટે અમને તમારી પ્રાર્થનાઓની જરૂર છે.

તમારામાંના ઘણાઓએ અમારી જરૂરીયાતો જાણી છે અને અમે કહીએ તે પહેલા દાનો મોકલે છે, બેન્કોના ટ્રાન્સફરથી, જીપે, મનિઓર્ડર, ચેક તથા ડીમાન્ડ ડ્રાફ્ટ દ્વારા અમે પ્રોત્સાહિત થયા છીએ અને અમે તમને આપણા સર્વશક્તિમાન ઈશ્વર ઈસુ ખ્રિસ્તના નામમાં આશીર્વાદ આપીએ છીએ. ભલાઈ તથા દયા તમારી સાથે આવો!

અમારામાંના કેટલાક અને અમારા પરિવારના સભ્યો અમારા શરીરોમાં નબળાઈનો અનુભવ કરી રહ્યા છીએ. ખાસ કરીને, ભાઈ પોલરાજ અને પાળક મુથ્થુની તેમની માંદગીઓમાંથી ઝડપથી સાજાપણા માટે સતત પ્રાર્થના કરશો.

અમે તમને પ્રેમ કરીએ છીએ. તમારા પત્રો, ઈમેલો, ટેલિફોન કોલ્સ અને સર્વ સહાયતા અને મદદ માટે અમે તમારો આભાર માનીએ છીએ. અમે તમારી સર્વ વિનંતીઓ તથા અરજો ઈશ્વરને જણાવીએ છીએ.

ઈશ્વરની કૃપા તમારી સાથે હો! આમીન.

**ઈસુ ખ્રિસ્તમાં તમારા સેવકો**


**પાળક એસ. સામ સેલ્વ રાજ અને એલેક્ષ સેમસન સામ**
(+91) 98412 71858 / 98410 71858
E.mail : samselvaraj333@gmail.com



Our Ministries: ✿ ECHO OF HIS CALL Monthly Magazines (16 languages) ✿ BIBLECOR - Postal Courses (3 languages) ✿ Online Courses ✿ Theological Correspondence Courses (2 languages) ✿ Church Planting ✿ Nehemiah Bible Colleges ✿ Gospel Printing Press ✿ Great Commission Partners ✿ St. Paul's Matriculation School ✿ Crusades ✿ Community Development

(પાન ૧ પરથી આગળ...)

મુલાકાત લેવા આવી રહ્યા છે. તેથી ઈસ્રાએલ લડાઈની તૈયારીમાં નથી. રશિયા અને યૂક્રેનની લડાઈ વચ્ચે ભારતે તટસ્થ ભૂમિકા લીધી છે. જો કે ભારતે યૂક્રેનને માનવીય સહાયતાની પહેલ કરી છે.

હવે જ્યારે લડાઈ ૨૬માં દિવસમાં પ્રવેશી ચૂકી છે, તે હવે વિશ્વવ્યાપી લડાઈમાં પરિણમી શકે છે. તે કિસ્સામાં, રશિયા તેના મુખ્ય શત્રુ ઈસ્રાએલની સામે થશે! ત્યારે તે કદાચ ત્રીજુ વિશ્વયુધ્ધ થાય. ઝેલેન્સ્કીના કહેવા મૂજબ, ઈસ્રાએલ પાસે મોટી લશ્કરી તાકાત છે કે જે વડે તે કોઈ પણ દેશ કે દેશોનો મુકાબલો કરી શકે છે. જો ઈસ્રાએલ હુમલો કરે તો કોઈ જાણતુ નથી કે આવનાર દિવસોમાં શું થશે!

પવિત્ર શાસ્ત્ર પ્રમાણે આર્માગેદ્દનની લડાઈ પહેલા રશિયા કદાચ ઈસ્રાએલની સામે આવે. ઈસ્રાએલ લડાઈ જીતી શકે અને ઈસ્રાએલના લોકો બાકી રહેલા લડાઈના મશિનોનો ઉપયોગ સાત વર્ષો સુધી અગ્નિના લાકડા તરીકે કરે! આજકલ, રશિયા નોર્વે પાસેથી ખાસ પ્રકારના લાકડા લઈ રહ્યું છે; લડાઈના વિમાનો બાંધવા માટે, જે વજનમાં હલકા હોય છે પણ સાત ગણા મજબૂત હોય છે, (હઝકિએલ ૩૮ અને ૩૯ અધ્યાયો). પણ આપણે જાણીએ છીએ, સર્વ બાબત ઈશ્વરની ઈચ્છા મૂજબ થશે! આવો આ દુનિયાના લોકોની સલામતી માટે પ્રાર્થના કરીએ!

જો કે હાલનું યુધ્ધ તર્કસંગત રીતે પૂરુ થાય, તો પણ પ્રકટીકરણના પુસ્તકમાં ઈશ્વરની યોજના નિયૂક્ત થઈ છે, જ્યાં સાત મુદ્રાઓ તોડવાની વાત, સાત રણશિંગડા વગાડવાની વાત અને સાત પ્યાલા રેડવાની વાત ઈશ્વર પ્રભુની યોજના પ્રમાણે થશે. આપણે ચાર મુદ્રાઓના તોડવાની પરિણામોનો અનુભવ કરી રહ્યા છીએ. પાંચમી મુદ્રા તોડવાનું સતાવણીના સાત વર્ષોના પ્રથમ ભાગમાં થશે જ્યારે તે કાળના લોકો શહીદો તરીકે મૃત્યુ પામશે. હું ભારપૂર્વક અનુભવું છું કે હાલમાં આપણે પ્રથમ ચાર મુદ્રાઓ તોડવાના સમયમાં જીવી રહ્યા છીએ જેના ચિન્હો અને અજાયબીઓ આ દુનિયામાં અને કુદરતમાં થઈ રહી છે. હાલનું રશિયા તથા યૂક્રેન વચ્ચેનું યુધ્ધ મુદ્રાઓ તોડવા મુજબ થઈ રહ્યું છે. ઈસુ ખ્રિસ્તે પણ, પવિત્રશાસ્ત્રમાં, માથ્થીની સુવાર્તાના ૨૪માં અધ્યાયમાં આ બાબતો કહી છે.

દુનિયાનો અંત તથા તેમના આવવા બાબતે, ઈસુએ નૂહના સમયમાં દુનિયાના વિનાશની સરખામણી પ્રભુના બીજા આગમન સાથે દર્શાવી હતી. ઈશ્વરે નૂહને વહાણ બનાવવા કહ્યુ હતુ, જેથી તેમાં ફક્ત તે અને તેનું કુટુંબ સમાય શકે, કેમ કે યહોવા પ્રભુ જળપ્રલયથી દુનિયાનો નાશ કરવા જઈ રહ્યા હતા. નૂહે ઈશ્વરની આજ્ઞા મુજબ કર્યુ અને જેમ ઈશ્વરે આજ્ઞા આપી હતી તેમ તેણે અને તેના કુટુંબે વહાણ બાંધવાનું શરૂ કર્યુ હતું. પવિત્રશાસ્ત્રના વિદ્વાનો કહે છે કે નૂહને તેનુ કામ પૂરુ કરવામાં ૧૦૦ વર્ષોનો સમય લાગ્યો હતો. તે સમયનાં લોકોએ નૂહની મજાક ઉડાવી અને હસ્યા હતા. તા પણ, નૂહે તેમને પસ્તાવો કરવાનો ઉપદેશ આપ્યો હતો અને પછી વહાણમાં ગયો હતો. (૨ પિતરનો પત્ર ૨:૫). પણ કોઈએ તેની વાત સાંભળી ન હતી. જેમ યહોવા પ્રભુએ નિર્ધારિત કર્યુ હતુ તેમ વહાણ બાંધવાનું કામ પૂરૂ થયું હતું.

ઈસુએ કહ્યું કે નૂહના સમયમાં જળપ્રલયના દિવસ સુધી લોકો ખાતાપીતા ને પરણતાપરણાવતા હતા, જ્યાં સુધી નૂહ તથા તેના આઠ વ્યક્તિઓનું કુટુંબ વહાણમાં ગયુ અને યહોવા પ્રભુએ પોતે વહાણનું બારણુ બંધ કર્યુ. જળપ્રલય આવીને સહૂને તાણી લઈ ગયો, જેઓ વહાણની બહાર અજાણ હતા! નૂહ તથા તેના કુટુંબ સિવાય સર્વ નાશ પામ્યા હતા. (માથ્થી ૨૪:૩૭-૩૯).

હાલની દુનિયાની સ્થિતિ નૂહના દિવસો કરતા વધુ કંઈ સારી નથી. દુનિયા દુર્ગુણોથી ભરેલી છે અને ભ્રષ્ટાચારથી ભરપૂર છે, જે યહોવા પ્રભુને મધ્યસ્થી કરવાનું આમંત્રણ આપે છે. આપણે વાસ્તવિક રીતે છેલ્લા દિવસોમાં જીવી રહ્યા છીએ!

હવે આ લાખમોલનો પ્રશ્ન છે કે ઈસુ ક્યારે આવશે? ઘણા એવું મંતવ્ય ધરાવે છે કે ઈસુ સતાવણીના સાત વર્ષોનો સમય શરૂ થતા પહેલા અને ખ્રિસ્તવિરોધી આવે તે વહેલા આવશે. કેટલાક લોકો ૧ થેસ્સલોનિકીઓને પત્ર ૨:૧-૩નો ઉલ્લેખ કરે છે અને કહે છે કે ખ્રિસ્તવિરોધી સતાવણીના સમય દરમિયાન ઊભો થશે. તે વિવાદનો વિષય નથી કે ખ્રિસ્તવિરોધી ક્યારે ઊભો થશે? સતાવણીનો સમય પૂરો તથાં જ ઈસુ જૈતુન પહાડ પર ઉતરશે અને આર્માગેદ્દોનના મેદાનમાં ખ્રિસ્તવિરોધીનો મૂકાબલો કરશે.

મુદ્રા તોડવાનું ક્યારે થશે? ઈસુએ પોતે કહ્યુ હતું કે ઘણા તેમના નામે આવશે, એમ કહેતા કે, **"હું તો ખ્રિસ્ત છું અને ઘણાને ભૂલાવશે."** (માથ્થી ૨૪:૫). આ ખ્રિસ્તવિરોધીના આત્માનું કામ છે. ખ્રિસ્તવિરોધીનો આત્મા પહેલેથી જ દુનિયામાં છે અને હવે તે કાર્ય કરી રહ્યો છે, જ્યારે પ્રથમ મુદ્રા તોડવામાં આવી છે.

## પ્રથમ મુદ્રા!

જ્યારે હલવાને પ્રથમ મુદ્રા તોડી, ત્યારે યોહાને એક સફેદ ઘોડો જોયો. ને તેના પર જે બેઠેલો હતો તેની પાસે એક ધનુષ્ય હતું; અને તેને મુગટ આપવામાં આવ્યો, અને તે જીતતો તથા જીતવા સારું નીકળ્યો. (પ્રકટીકરણ ૬:૧,૨). જે માણસ સફેદ ઘોડા પર બેઠેલો હતો, તે ખ્રિસ્તવિરોધી નથી કેમ કે તે ઘણા દેશોમાંથી (લોકોમાંથી) નીકળી આવશે. તે આત્મા નહિ હોય, પણ તે કદાચ કોઈ દેશનો રાજાઓ કે અધ્યક્ષો કે વડાપ્રધાનોમાંથી એક હોય. અહિં, જે માણસ સફેદ ઘોડા પર નીકળી આવ્યો છે તે ખ્રિસ્તવિરોધીનો આત્મા છે, જે પહેલેથી જ પ્રથમ સદીથી જ ભટકતો ફરે છે. પ્રેરિત યોહાન જે પ્રથમ સદીમાં જીવતો હતો, તેણે ખ્રિસ્તવિરોધીના આત્માની હાજરીનો અનુભવ કર્યો હતો અને તેણે તેના પ્રથમ પત્રમાં ચેતવણી આપી હતી અને કહ્યું હતુ, **"બાળકો, આ છેલ્લી ઘડી છે. ખ્રિસ્તવિરોધી આવનાર છે, એવું તમે સાંભળ્યું છે, તેમ હમણાં ખ્રિસ્તવિરોધીઓ ઘણા થયા છે. એ ઉપરથી આપણે જાણીએ છીએ કે આ છેલ્લી ઘડી છે.** (૧ યોહાનનો પત્ર ૨:૧૮). જે કોઈ પિતા તથા પુત્રનો નકાર કરે છે તે જ ખ્રિસ્તવિરોધી છે. (૧ યોહાનનો પત્ર ૨:૨૨). જેમ આપણે પહેલેથી કહ્યું છે, ખ્રિસ્તવિરોધી માણસ જે રાષ્ટ્રો મધ્યેથી ઉભો થવાનો છે, તે હજુ આવવાનો બાકી છે અને યોહાને જે હાજરી અનુભવી હતી તે ખ્રિસ્તવિરોધીનો આત્મા હતો. આપણે પણ આ દિવસોમાં આવો અનુભવ કરી શકીએ છીએ. જે માણસ સફેદ ઘોડા પર હતો, તેને પ્રકટીકરણ ૧૯:૧૧ના સફેદ ઘોડા પરના માણસના દીકરા સાથે સરખાવવાની મુંઝવણમાં પડવું જોઈએ નહિ.

## બીજી મુદ્રા!

એક લાલ ઘોડો નીકળ્યો... અને તેના પર જે બેઠેલો હતો તેને પૃથ્વી પરથી શાંતિ લઈ લેવાની સત્તા આપવામાં આવી, જેથી તેઓ એકબીજાને મારી નાખે, અને વળી તેને એક મોટી તરવાર આપવામાં આવી. (પ્રકટીકરણ ૬:૩,૩). આ માણસને પૃથ્વી પરથી શાંતિ લઈ લેવાની અને લોકો એકબીજાને મારી નાખે તેવી એટલે લડાઈઓ અને આંતકવાદ પ્રવૃતિઓ કરવાની સત્તા આપવામાં આવી હતી. આ સ્થિતિ આ દુનિયામાં હજારો વર્ષો પૂર્વેથી ચાલતી આવી છે. તે કાર્ય પર છે.

## ત્રીજી મુદ્રા!

જ્યારે ત્રીજી મુદ્રા તોડવામાં આવી, એક કાળો ઘોડો બહાર નીકળી આવ્યો અને તેના પર બેઠેલા માણસના હાથમાં ત્રાજવાં હતાં. તેને દુનિયામાં દુકાળ લાવવાની સત્તા આપવામાં આવી હતી. આ દુનિયાના ઘણા ભાગોમાં જોઈ શકાય છે. આફ્રિકાના કેટલાક દેશો વારંવાર દુકાળનો સામનો કરે છે. ઈથોપિયા, સુદાન, સોમાલિયા વગેરે દેશો આ ખતરાનો વારંવાર સામના કરે છે. હાલમાં જ, હૈતી દેશના ટાપુ પર એક ભયાનક જ્વાળામુખી ફાટ્યો હતો, જેને કારણે મોટી સુનામી આવી હતી, જેણે ટાપુ પર ભયંકર એવો વિનાશ વેર્યો હતો. ત્યાં હવે લોકો રોટલી તરીકે તડકામાં શેકેલી માટી ખાય છે. શ્રીલંકા મોટી નાણાકીય કટોકટીમાથી પસાર થઈ રહ્યું છે, જેને કારણે અભૂતપૂર્વ દુકાળ આવ્યો છે. અફઘાનિસ્તાન પણ દુકાળની કગાર પર ઉભુ છે. એવું ભવિષ્ય ભાખવામાં આવ્યું છે કે હાલની કોવિડ-૧૯ની મહામારી પછી દુનિયા ખોરાકની વસ્તુઓની મોટી અછતમાંથી પસાર થવાની છે.

બિલ ગેટસ્ અને બીજી અબજોપતિઓએ લાખો એકરની ખેડાણવાળી જમીન અમેરિકા તથા બીજા દેશોમાં ખરીદી લીધી છે અને તેમણે ખેતી શરૂ કરી છે! તેઓ પહેલેથી જ દાણાબજારમાં પ્રવેશી ચૂક્યા છે અને તેમના ઉત્પાદનો વેચી રહ્યા છે! જે ત્રણ કૃષિ કાયદાઓ હાલમાં ભારતમાં લાગુ કર્યા હતા અને પછી રદ્દ કર્યા હતા, તે આપણા અબજોપતિઓને કૃષિ વિભાગમાં મોટા પાયે પ્રવેશવા અને વ્યવસાય કરવા માટે જ હતા! જો કે તે કાયદાઓ રદ્દ થયા છે, તો પણ તેઓ સ્વસ્થ બેસશે નહિ. તેઓ હાલ કાયદાની છટકબારીનો ઉપયોગ કરીને મોટા પાયે કૃષિ જમીનને ખરીદી લેશે અને કૃષિ વ્યવસાયમાં પ્રવેશ કરશે. એમ કહેવામાં આવે છે કે બિલાએ દેશમાં મોટી મોટી વખારો બાંધવાનું શરૂ કરી દીધું છે. આગળ શું થશે? તેઓ જથ્થાબંધ દાણાબજાર પર કબજો કરશે અને કૃત્રિમ અછત ઊભી કરશે. હવે જે ચોખા રૂા. ૧૫૦/- કિલોના ભાવે મળે છે, તે કદાચ રૂા. ૫૦૦/- કિલોએ થઈ જશે. આમ મુદ્રા સાથેના માણસે કાર્ય શરૂ કરી દીધું છે!

## ચોથી મુદ્રા

ત્યા એક ફિક્કા રંગનો ઘોડો બહાર આવ્યો અને તેના પર જે બેઠેલો હતો તેનું નામ મરણ હતુ; અને હાદેસ તેની પાછળ પાછળ ચાલતું હતું. તેને પૃથ્વી પરના ચોથા હિસ્સાને મારી નાખવાનો અધિકાર આપવામાં આવ્યો હતો, તરવારથી, દુકાળથી તથા મરણથી અને શ્વાપદોથી. (પશુઓ મારફત માહામારીનો સંસર્ગ). દેશોં તરવાર વિરુદ્ધ તરવાર ઉપાડે છે. અને દુનિયાએ પહેલા જ બે વિશ્વયુધ્યો ૧૯૧૮ અને ૧૯૪૫માં જોયા છે, જેમાં લાખો લોકો મૃત્યુ પામ્યા હતા. તેમજ દુનિયાના મોટા ભાગના વિસ્તારોમાં લડાઈ થઈ રહી છે અને મોટા પ્રમાણમાં જાનહાની થઈ છે. રશિયા તથા યૂક્રેન જેવા દેશો લડાઈમાં લડી રહ્યા છે, એચઆઈવી, એચઆઈવી ૧, ચેપી તાવ (૧૯૧૮), એચ$_{૧}$.એન$_{૨}$ (૧૯૫૭), ઝીકા (૨૦૧૮), ૧૯૬૮નો ફ્લૂ (૨૦૨૦) અને નીફા (૨૦૨૧) અને હાલનો કોવિડ-૧૯ જેવા વિષાણુઓએ લાખો જીવ લઈ લીધા છે. પ્રાણીઓ આવા વિષાણુના વાહક છે. તેઓ માનવીય જીવને મોટું નુકસાન પહોચાંડી રહ્યા છે, જો એક વાર વિષાણુ આવ્યો, તો તે તરત મરતો નથી! આજે પણ તેઓ શિકારના શોધમાં ભટકી રહ્યા છે.

## પાંચમી મુદ્રા!

તેઓ ઈશ્વરના વચનને લીધે તથા જે સાક્ષીને વળગી રહ્યા હતા તેને લીધે માર્યા જશે. યોહાને તેમને વેદીની તળે જોયા હતા. વેદીની તળે જે શહીદો છે તેઓ એ છે જેઓ સતાવણીના ૩$^{૧}/_{૨}$ વર્ષો દરમિયાન માર્યા ગયા હતા, જેઓ ઈશ્વરના વચનને લીધે અને તેમની સાક્ષીને લીધે સ્વર્ગારોહણ પછી ઊભા રહ્યા હતા. તેથી આ મુદ્રા આકાશમાં તણાઈ ગયા પછી કદાચ તોડવામાં આવશે.

## છઠ્ઠી મુદ્રા!

અત્યાર સુધી જે મુદ્રાઓ તોડવામાં આવી હતી, તેમાની છઠ્ઠી મુદ્રાના પરિણામો ઘણા ભયાનક અને વિનાશકારક હતા. જે પરિણામો થવાના છે, તેની યાદી માથ્થીની સુવાર્તાના ૨૪માં અધ્યાયમાં તેમજ પ્રકટીકરણ ૬:૧૨-૧૭માં જણાવ્યા છે. તેઓ નીચે મુજબ છેઃ

૧. મોટો ધરતીકંપ થયો અને સૂર્ય નિમાળાના કામળા જેવો કાળો થયો અને આખો ચંદ્ર લોહી જેવો થઈ ગયો.

૨. જે ભારે પવનથી અંજીરી હાલી ઊઠે છે અને તેમાં કાચાં ફળ તૂટી પડે છે, તેમ આકાશમાંના તારાઓ પૃથ્વી પર પડે છે.

૩. વળી આકાશ વાળી લીધેલા ઓળિયાની પેઠે જતું રહ્યુ; અને દરેક પહાડ તથા બેટને પોતપોતાને ઠેકાણેથી ખસેડવામાં આવ્યા.

૪. જગતના રાજાઓ, મોટા માણસો, સેનાપતિઓ, શ્રીમંતો, પરાક્રમીઓ તથા દરેક દાસ તથા સ્વતંત્ર, એ તમામ ગુફાઓમાં તથા પહાડોના ખડકોને ચોથે સંતાઈ ગયા.

(અનુસંધાન પાન ૬ પર)

નહેમ્યાહ બાઈબલ
નીવાસી અને સાંધ્ય કોલેજ
વેલાચેરી / ચેપોક તથા સંથોષપૂરમ, ચૈનાઈ
ECHO OF HIS CALL (ECHO GROUP)
Regd. Candidate for Membership ATA NEHEMIAH BIBLE COLLEGE CHENNAI ★ ECHO OF HIS CALL ★ Estd.: 1969
માધ્યમ : हिंदी/तामिल
સભ્યપદ માટે નોંધેલા ઉમેદવાર
સભ્યપદ માટે નોંધેલા ઉમેદવાર – ATA
આંતરરાષ્ટ્રિય ખ્રિસ્તી આગેવાનો અને વડિલ પાળકો
દ્વારા છેલ્લા ૫૩ વર્ષોથી માન્યતા પ્રાપ્ત.
ઇશ્વર વિદ્યામાં સર્ટીફિકેટ : એક વર્ષ
ઇશ્વર વિદ્યામાં ડિપ્લોમા : બે વર્ષ
શૈક્ષણિક પાત્રતા : ૧૦મું અને વધુ
પ્રવેશ લેવા ઝડપ કરો! મહેરબાની કરીને સંપર્ક કરો
Contact : The Chairman, Nehemiah Bible College.
10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org
★ ઓનલાઈન ક્લાસ ઉપલબ્ધ છે ★

GREAT COMMISSION PARTNERS
ECHO OF HIS CALL MINISTRIES SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો

વહેંચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (૨તિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ મે ૨૦૨૨ થી ૧૮ જૂન ૨૦૨૨ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)

## ✝ સ્તુતિનાં મુદ્દાઓ

**૧૯ મે** : કોવિડ-૧૯ કિસ્સાઓ ભારતમાં ઘણા ઘટી ગયા છે તે માટે ઈશ્વરની સ્તુતિ થાઓ.

**૨૦ મે** : અમારા છાપખાના પર તથા ૧૬ ભાષાઓમાં છપાતું સામયિક, જે મિશન વિસ્તારોમાં મોકલવામાં આવે છે, તેના પરના આશીર્વાદ માટે ઈશ્વરની સ્તુતિ થાઓ.

**૨૧ મે** : **ઈકો ઓફ હીઝ કોલ મિનિસ્ટ્રીઝની** કોવિડ-૧૯ના સમયગાળા દરમિયાનની સર્વ પ્રવૃતિઓને ઈશ્વરે આશીર્વાદિત કરી છે.

**૨૨ મે** : આપણા સહસંપાદકો તથા તેમના કુટુંબોના લાભો માટે આવો ઈશ્વરની સ્તુતિ કરીએ.

**૨૩ મે** : આપણા પ્રાર્થના ભાગીદારો, લવાજામ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવન ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારોને અને તેમના કુટુંબના સભ્યોને માટે ઈશ્વરની સ્તુતિ કરીએ.

**૨૪ મે** : આપણી મંડળીમાં નવા વિશ્વાસીઓને અભિષેકથી આશીર્વાદિત કરવા માટે આવો ઈશ્વરની સ્તુતિ કરીએ.

**૨૫ મે** : પાછલા મહિનાની અમારી **ઈકો ઓફ હીઝ કોલ મિનિસ્ટ્રીઝને** ઈશ્વરે આશીર્વાદિત કરી છે.

**૨૬ મે** : અમારી મિનિસ્ટ્રીયલ મુસાફરીમાં આશીર્વાદ આપવા માટે અમે આભાર સાથે ઈશ્વરની સ્તુતિ કરીએ છીએ.

**૨૭ મે** : અમારા **હિન્દી ઈશ્વરવિદ્યાના અભ્યાસક્રમના** ઓનલાઈન વર્ગોને ઈશ્વરે આશીર્વાદિત કર્યા છે.

**૨૮ મે** : આપણા દેશને સુરક્ષિત રાખવા માટે ઈશ્વરની સ્તુતિ થાઓ.

**૨૯ મે** : અમે ઈશ્વરવિદ્યાના સેમિનારો વારંવાર ભરી શકીએ છીએ તેને માટે ઈશ્વરની સ્તુતિ થાઓ.

**30 મે** : પાછલા મહિનાની અમારી સર્વ જરૂરીયાતો પૂરી કરવા ઈશ્વરની સ્તુતિ થાઓ.

**3૧ મે** : ૧૯૬૯થી અમારી સામયિક મિનિસ્ટ્રી પ્રત્યે અમારા સમર્પણ માટે ઈશ્વરનો આભાર માનીએ છીએ.

**૦૧ જૂન** : અમારા **બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તથા **ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમની** વૃદ્ધિ માટે ઈશ્વરની સ્તુતિ થાઓ.

**૦૨ જૂન** : અમારા કાર્યકર્તાઓના કુટુંબો પરના તેમના આશીર્વાદો માટે ઈશ્વરની સ્તુતિ થાઓ.

**૦૩ જૂન** : આપણા પ્રભુ ઈશ્વર આપણા વડીલ પાળક એસ. સામ. સેલ્વરાજને તથા તેમના કુટુંબને સર્વ દુષ્ટ પરિબળોથી સુરક્ષિત રાખી રહ્યા છે.

## ✝ પ્રાર્થનાનાં મુદ્દાઓ

**૦૪ જૂન** : અમારા સુવાર્તા છાપખાનાને આશીર્વાદિત કરવા માટે આવો આપણે પ્રાર્થના કરીએ.

**૦૫ જૂન** : અમારા નિવાસી **નહેમ્યા બાઈબલ કોલેજ** માટે વિદ્યાર્થીઓ પૂરા પાડવા આપણ ઈશ્વરને પ્રાર્થના કરીએ.

**૦૬ જૂન** : ઈશ્વર પ્રત્યે સર્વ દેશો પ્રામાણિકતા રાખે માટે ખંતથી પ્રાર્થના કરીએ.

**૦૭ જૂન** : આપણા અંગ્રેજી સહસંપાદક ભાઈ એમ. પોલરાજને સંપૂર્ણ સાજાપણું મળે અને શાંતિમય જીવન જીવે માટે આવો પ્રાર્થના કરીએ.

**૦૮ જૂન** : દુનિયામાંથી કરોના વિષાણુની ઝડપથી નાબૂદી માટે પ્રાર્થનામાં સમર્પિત થઈએ.

**૦૯ જૂન** : દરેક માર્ગે અને દરેક રીતે અમારી મિનિસ્ટ્રીજના વિસ્તાર માટે પ્રાર્થના કરીએ.

**૧૦ જૂન** : આપણા દેશની એકતા માટે અને દરેક રીતે અને યોજનાઓમાં પ્રગતિ માટે પ્રાર્થના કરીએ.

**૧૧ જૂન** : આપણી સંસ્થા, સર્વ કર્મચારી વર્ગ અને તેમના કુટુંબોના લાભ માટે આવો ઈશ્વરને પ્રાર્થના કરીએ.

**૧૨ જૂન** : સર્વ ધર્મો વચ્ચે એકતા માટે પ્રાર્થનામાં સમર્પિત થઈએ.

**૧૩ જૂન** : સર્વ ખ્રિસ્તી સંસ્થાઓ પર આશીર્વાદ અને રક્ષણ માટે પ્રાર્થના કરીએ.

**૧૪ જૂન** : વણખેડાયેલા વિસ્તારોમાં સુવાર્તા ફેલાવા માટે અમને સક્ષમ બનાવવા ઈશ્વરને પ્રાર્થના કરીએ.

**૧૫ જૂન** : દુનિયાના સર્વ લોકોની સુરક્ષા માટે પ્રાર્થના કરીએ.

**૧૬ જૂન** : અમારા ભાગીદારો તથા રાજ્ય કો-ઓર્ડીનેટરો અન તેમના કુટુંબો માટે પ્રાર્થના કરીએ.

**૧૭ જૂન** : પૃથ્વી પર ઈશ્વરના રાજ્યને બાંધવા માટે અમને વધુ દર્શનો આપે માટે ઈશ્વરને પ્રાર્થના કરીએ.

**૧૮ જૂન** : અમારા વડીલ પાળક એસ. સામ. સેલ્વરાજ અને તેમના કુટુંબના સભ્યોને દરેક દુષ્ટ પરિબળોથી રક્ષણ આપવા પ્રાર્થના કરીએ.

(પાન ૪ પરથી આગળ...)

૫. તેઓ પહાડોને તથા ખડકોને કહે છે કે, અમારા પર પડો, અને રાજ્યાસન પર બેઠેલાની નજર આગળથી તથા હલવાનના કોપથી અમને સંતાડો.

૬. કેમ કે તેઓના કોપનો મોટો દહાડો આવ્યો છે અને કોનાથી ઊભું રહેવાય?

વહાલા મિત્રો જે વિનાશ થવાનો છે કે હવે થઈ રહ્યો છે, તે ૫૦ વર્ષો પહેલા જોઈ શકાયો નહતો અને આ બધી બાબતો તે પછી થઈ હતી. જે બાબતો જણાવી હતી, તે થવાની શરૂઆત થઈ છે અને તે તેની બુલંદી પર અવનાર દિવસોમાં પહોંચશે. જો કે એમ થતા ૫૦ કે ૧૦૦ વર્ષો જેવો સમય લાગી જશે. યહોવા પ્રભુ માટે એક દિવસ ૧૦૦૦ વર્ષો જેવો અને ૧૦૦૦ વર્ષો એક દિવસ જેવો છે; કેમ કે તેઓ પ્રારંભના સમયથી છે એટલે કે સર્જનના પહેલા અને સર્જન પછી.

## સાતમી મુદ્રા

જ્યારે સાતમી મુદ્રા તોડવામાં આવી ત્યારે આશરે એક ઘડી સુધી આકાશમાં મૌન રહ્યુ. (પ્રકટીકરણ ૮:૧). આ નોંધવું જોઈએ કે જ્યારે સમગ્ર દુનિયા અંધાધુંધી તથા તોફાનમાં હોય, ત્યારે અડધા કલાકની કે એક ઘડીની ચૂપકીદીનો અર્થ છે, દુનિયાએ ક્યારેય જોઈ નહિ હોય તેવી બાબતો થતી જોવાશે. સાતમી મુદ્રા ખુલતા પોતે જાતે કોઈ વિનાશ લાવતી નથી પણ જે મોટા વિનાશો થવા જઈ રહ્યા છે તે બતાવે છે, જે સાત રણશિંગડા વગાડતા તથા તેના પછી પૃથ્વી પર સાત પ્યાલા રેડાશે ત્યારે થવાના તે જણાવે છે, બાઈબલના વિદ્વાનો માને છે કે રણશિંગડાનો નાદ સતાવણીના પ્રથમ ૩½ વર્ષો દરમિયાન થશે (૧૨૪૦ દિવસો) અને પ્યાલાને રેડવાનું બીજા ભાગના સતાવણીના સાત વર્ષો દરમિયાન થશે; અને સતાવણીના સાતમા વર્ષની શરૂઆત પહેલા સંતાને પકડવામાં આવશે. આપણે પહેલેથી જ જોયું છે કે મંડળીને સતાવણીની શરૂઆત પહેલાજ પકડવામાં આવી હતી.

હવે આપણે જે બાબતો આપણી સામે થઈ રહી છે અને જે પહેલા ૫૦ વર્ષો અથવા એથી વધુ પહેલા જોવામાં આવી ન હતી, તે વર્ણવાની છે. અને આપણે ચોક્કસ સમજવાનું છે કે પ્રથમ ચાર મુદ્રાઓ તોડવાનું થોભાવવામાં આવ્યુ નથી પણ તેઓ પણ દુનિયામાં છે, જે થઈ રહ્યું છે.

## ધરતીકંપ, સૂર્ય કાળો અને ચંદ્ર લાલ થવો!

ધરતીકંપો પહેલી સદીથી કે તેના પહેલાથી થતા આવ્યા છે. પણ આજની સરખામણીમાં તેમની તીવ્રતા અને તરંગતા તેટલી મહત્વની ન હતી. લગભગ દશ વર્ષ પહેલા, ગુજરાત રાજ્યને ભયંકર ધરતીકંપનો અનુભવ થયો હતો, જેમાં સેકડો લોકો માર્યા ગયા હતા અને સેકડો ઘરો ધરાશાયી થયા હતા. અને હાલમાં જ, જાપાનના ફુકુશિમાએ એક મોટા ધરતીકંપનો અનુભવ કર્યો હતો જેમાં ન્યુક્લીયર પાવર પ્લાંન્ટ પૂર્ણપણે નાશ પામ્યુ હતુ. ૨૦૦૪માં, ઈન્ડોનેશિયામાં એક ધરતીકંપ થયો હતો, જેને કારણે જીવનોને અને મિલ્કતોને નુકસાન થયું હતુ, અને ત્યાર પછીના સુનામીએ દરીયાકિનારાના દેશોને ધમરોળી નાખ્યુ હતું અને ભારત, શ્રીલંકા, થાઈલેન્ડ અને ઘણા બીજા દેશોએ લાખો લોકોને ગુમાવ્યા હતા. ભારતને સૌથી વધુ નુકસાન થયું હતુ, જ્યાં પૂર્વ તરફના કિનારાના ૧.૫૦ લાખ કરતા વધુ લોકોએ જાન ગુમાવ્યા હતા.

દુનિયાના ઘણા ભાગોમાં નાનામોટા ધરતીકંપો થાય છે અને તેની તીવ્રતા સમયે સમયે વધુ કે ઓછી હોય છે. આ બાબતો માણસની ધરતીકંપો તથા સુનામી સામેની લાચારીને બતાવે છે.

આપણી આકાશગંગામાં સૂર્ય આપણો સૌથી મોટો ગ્રહ છે. પાછલા ૫૦ વર્ષોથી કે વધુ, બ્રિટનના એક મહાન વૈજ્ઞાનિક સ્ટીફન હોકિન્સ બ્લેક હોલની હાજરી વિશે કહી રહ્યા છે, જે સૂર્યની સપાટી પર છે. આ નિવેદનને ગંભીરતાથી લેવામાં આવ્યુ છે અને ઘણા વૈજ્ઞાનિકોએ તેને માનવાની શરૂઆત કરી છે અને નાસા પણ તે બાબતે સહમત થયું છે. સૂર્યની સપાટી પરના હાઈડ્રોજનના બળવાને કારણે બ્લેક હોલ બને છે, જે કેટલાક મોટી લાંબી ખીણ જેવા હોય છે. આવુ થવાથી સૂર્યની ગરમી વધે છે અને તેને કારણે રેડીએશન ઉત્પન્ન થાય છે. એક અસાધારણ ઘટના જે સોલાર સુનામી કહેવાઈ છે, તે થશે અને સૂર્યના રેડીએશનમાંથી તથા બ્લેક હોલમાંથી ગરમ તરંગો પેદા થશે. આ ચુંબકીય કણો છે જે સૂર્યની આસપાસના ગ્રહોને અસર કરે છે.

તાજેતરમાં તે ૨૯.૧.૨૦૨૨ના રોજ દુનિયા પર ત્રાટક્યું હતુ. અને એન્ટાર્ટીકામાં અને ગ્રીનલેન્ડ ટાપુમાં નુકસાન થયું હતુ. સાધારણ રીતે આ ટાપુ બરફથી ઘેરાયેલો છે અને ત્યાં વરસાદ વરસતો નથી. સોલાર સુનામના હુમલાને કારણે અને વાતાવરણમાં બદલાવને કારણે, ટાપુ લીલો થઈ ગયો હતો અને તે પ્રદેશમાં મોટા પ્રમાણમાં બરફ પીગળી

ઈકો ઓફ હીઝ કોલની
**નહેમ્યા બાઈબલ કોલેજ**
**(નિવાસી - હિન્દી અને સાંધ્ય - તામિલ)**
એશિયા થીઓલોજીકલ એશોસિએશન (ATA)
રજીસ્ટર્ડ કેન્ડીડેટ ફોર મેમ્બરશીપ
**૨૩મી પદવીદાન સેવા**
૩જી જૂન, ૨૦૨૨
શુક્રવાર, સાંજે ૫.૦૦ વાગે
બહાર કેલવી નિલામય સભાગૃહમાં
એમ.આર.સી. સેન્ટર, અનિથા
મેટ્રીક્યુલેશન સ્કુલ કંપાઉંડ, ૫/૬, રિથેરડોન રોડ,
વેપેરી, ચેન્નાઈ : ૬૦૦ ૦૦૭.
**પ્રાર્થના કરશો અને સહભાગી થાઓ!**
- વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માટે પ્રવેશ શરૂ થયો છે.
- કૃપા કરીને લાયક ઉમેદવારોની ભલામણ કરશો!
- નિવાસી હિન્દી વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે!!!
- Classes for the academic year 2022-23 will commence on 06.06.2022!!!!

પાળક એસ. સામ. સેલ્વરાજ, અધ્યક્ષ

ગયો હતો, જેને કારણે સમુદ્રની સપાટી વધી ગઈ હતી, જેની અસર નીચાણના કિનારાના દેશોને થઈ હતી. કિનારાના દેશોને સૂચના અપાઈ હતી કે તેમના લોકોને સલામત સ્થળે ખસેડે. ઈન્ડોનેશિયાએ પહેલેથી જ તેનું મુખ્યાલય જાકાર્તાથી અંદરની તરફ ખસેડવાનું શરૂ કરી દીધું છે, અને અંદાજે ૨૦ લાખ લોકોને સ્થળાંતર કરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે.

હવે સૂર્યની સપાટીનો ૧૨% ભાગ બ્લેક હોલથી ભરાઈ ગયો છે અને તે ૧૦૦% થવા જઈ રહ્યો છે! જ્યારે આ થશે, બાઈબલમાં જે કહ્યું છે તે પરિપૂર્ણ થશે.

સોલાર સુનામીના હુમલાથી દુનિયા ઘણી સંવેદનશીલ થઈ છે. જ્યારે સૃષ્ટિની રચના થઈ હતી, ત્યારે સૂર્યના ગરમીના મારથી બચાવવા ઈશ્વરે પૃથ્વી પર ત્રણ રક્ષણાત્મક સ્તરો બનાવ્યા હતા. પ્રથમ સ્તર,પૃથ્વીની ઉપરનું પાણીનું સુકાઈ ગયુ હતુ, જ્યારે નૂહના દિવસોમાં જળપ્રલયે પૃથ્વીનો નાશ કર્યો હતો. બીજુ રક્ષણાત્મક સ્તર, ઓઝોન પણ કાર્બન ડાયોક્સાઈડ, નાઈટ્રોજન ઓક્સાઈડ વગેરે જેવા વાયુઓના ઝેરી ઉત્સર્જનને કારણે, તેમજ ઓટોમોબાઈલના ભારે ઔદ્યોગિકીકરણના ઉત્સર્જનને કાણે પૂર્ણપણે ખવાઈ ગયું છે. આપણા જીવન સમયમાં જ ઓઝોન સ્તર ખવાઈ ગયું છે! હવે, ત્રીજુ રક્ષણાત્મક સ્તર, ચૂંબકીય ક્ષેત્ર ફક્ત આપણને કિરણોત્સર્ગથી રક્ષણ આપવાં રહ્યું છે. તેને પણ સતતના ઝેરી વાયુના ઉત્સર્જનને કારણે ફટકો પડી રહ્યો છે.

યૂનોએ પહેલેથી જ દુનિયાના દેશોને કહ્યુ છે કે ભારે ઔદ્યોગિકીકરણ કરનારા દેશો તેને શૂન્ય ઉત્સર્જન સ્તરે લાવે. દરેક દેશે શૂન્ય ઉત્સર્જન સ્તર માટે સમય મર્યાદા ઠરાવી દીધી છે, અને ભારતે હમણા ૩૦ વર્ષની સુધીની સમય મર્યાદા ઠરાવી છે.

સૂર્યની સપાટી પરની વધતી ગરમીને કારણે, ઉત્તર ધ્રુવપ્રદેશનો બરફ અને અન્ય પ્રદેશોનો બરફ ઝડપથી પીગળવા લાગ્યો છે અને સમુદ્રની સપાટી વધતી રહી છે તેને કારણે વાતાવરણમાં ગરમી વધી રહી છે અને તેને કારણે, કમોસમી વરસાદે યૂરોપના કેટલાક દેશોમાં અને ચીનમાં તબાહી મચાવી છે.

કેમ કે સૂર્યએ તેની સપાટી પર બ્લેક હોલને વધારવા માંડ્યા છે અને વધતા સોલાર સુનામી, તેથી દુનિયાના દેશો ભય અને નિરાશાની પકડમાં આવ્યા છે. તેઓએ તેમના હૃદય પાસેની વસ્તુઓને અને લોકોને સલામત રાખવા નવા જુદા જુદા માર્ગો શોધ્યા છે. અમેરિકા આ બાબતમાં સૌથી આગળ છે, જેમાં તેમણે મોટા પહાડોમાં અને પર્વતોમાં ૧૦૦ જેટલા બંકરો વિકસાવ્યા છે. દરેક બંકર ૧૪૦૦ ફૂટથી ૨૦૦૦ ફૂટની ઊંડાઈએ બનાવવામાં આવ્યા છે. દરેક બંકરના કદ અલગ અલગ હોય શકે છે. તો પણ, દરેક બંકર એક નાના શહેરના કદનું છે, જેમાં રહેવા લાયક દરેક સગવડો છે! દરેક બંકરમાં ૪ થી ૬ મહીના માટે રહેવાની સગવડો છે અને દરેક જણને તેમાં રહેવાનુ ખર્ચ/ભાડું અંદાજે ૨ લાખ ડોલર છે! ખાનગી ધંધાધારીઓ પણ તેમાં ઉતર્યા છે.

અને મોટા ભાગના યૂરોપિયન દેશોએ તેમના લોકોને મદદ કરવા બંકરા વિકસાવવાની શરૂઆત કરી દીધી છે. નોર્વે, સ્વિટ્ઝર્લેન્ડ, સ્વીડન વગેરે જેવા દેશો આમાં આગળ છે. લાખમોલનો એક સવાલનો જવાબ આપવાનો હજુ બાકી છે. જ્યારે મોટા ધરતીકંપો થશે અથવા જ્વાળામૂખીઓ ફાટશે, ત્યારે બંકરો કેટલા પ્રમાણમાં સુરક્ષા આપી શકશે. જ્યારે દુનિયા મોટી કત્લેઆમ હેઠળ છે, ત્યારે શું ૪ કે ૬ મહિનાની સુરક્ષા પૂરતી છે? માણસ ઈશ્વરની રચનાને હરાવી શકતો નથી.

ક્લાઈમેટ ચેન્જની વર્લ્ડ બોડીએ ૨૮મી ફેબ્રુવારી ૨૦૨૨ના રોજ એક અહેવાલ પ્રકાશિત કર્યો હતો. તેમાં ચેતવણી આપવામાં આવી છે કે આવતા બે દશકોમાં દુનિયાનાં દેશોમાં ગરમીનું પ્રમાણ ૧.૫% વધી શકે છે. આને કારણે કુદરત પર અને લોકો પર અવળી અસર પડશે. ભારતના ઘણા શહેરોમાં ગરમીનું પ્રમાણ ૩૫, ૩૬ °C વટાવી ગયુ છે. તેથી દુનિયા માનવજાતને વસવા લાયક રહેવાની નથી.

બીજું મોટું જોખમ દુનિયાને ધમકાવી રહ્યું છે તે છે વિસ્ફોટક સામગ્રીઓની હાજરી, જેમાં પૃથ્વીનાં ઊંડાણમાં પૂરાયેલા પરમાણુ બોમ્બો, જે આ દુનિયાને ઘણી વખત નાશ કરવા માટે પૂરતા છે! જ્યારે મજબૂત ધરતીકંપ કે જ્વાળામૂખી પ્રહાર કરશે, ત્યારે ત્યાં પરમાણુ શસ્ત્રભંડારો અને વિસ્ફોટકોનું શું થશે? હવે ઘણા ખરા ઘરો રાંધણગેસની પાઈપલાઈનથી જોડાયેલા છે (LPG) અને ભારત પણ આવી પાઈપલાઈનનો ઉપયોગ કરી રહ્યું છે. જ્યારે હોનારત આવી પડશે, ત્યારે LPG અને તેની સંગ્રહની ટાંકીઓનું શું થશે? તેથી કોઈ શંકા નથી કે દુનિયા જ્વાળાખી પર બેઠી છે!

લાલ ચંદ્રની ભવ્યતા દુનિયાના ઘણા ભાગોમાં દેખાઈ રહી છે. ભારતમાં તે હાલમાં જ દેખાઈ હતી અને ઘણા લોકોએ નરી આંખોએ તે જોઈ શક્યા હતા. તેની પૂનરાવર્તી (દેખાવ) હાલના વર્ષોમાં વધી રહી છે!

તે સામાન્ય દેખાવ છે કે લઘુગ્રહો અને ધૂમકેતૂઓના ટૂકડાઓ આકાશી વાતાવરણમાંથી પડી રહ્યા છે. હાલમાં જ એક છ ટનનો લઘુગ્રહનો ટૂકડો સમુદ્રમાં પડ્યો હતો. હવે, આવા ટુકડાઓ પડવાનું પ્રમાણ વધી રહ્યુ છે. અને જેમ બાઈબલમાં લખ્યુ છે, તારાઓ પણ પડવાનું શરૂ થશે, જેવી રીતે ભારે પવનને કારણે અંજીરો અંજીરી પરથી પડે છે.

ગરમી વધવાને કારણે, જેમ બાઈબલમાં લખ્યુ છે તેમ આકાશ ઓળિયાની જે વીટળાઈ જશે. અને પર્વતો તથા ટાપૂઓ ભયાનક ધરતીકંપ તથા જ્વાળામૂખીના હૂમલાને કારણે હલી જશે.

આપત્તિજનક વિનાશ વખતે, લોકો તેમના ઘરો તજી દેશે અને પર્વતો તથા ડુંગરરોમાં છૂપાવા ભટકશે અને કેટલાક તેમને તેઓ પર પડવા કહેશે! તે દિવસોમાં, મૃત્યુ તેમની પાસેથી છટકી જશે.

જેમ પ્રકટીકરણ ૧૩:૧૬-૧૮માં કહ્યું છે, દરેક વ્યક્તિએ, નાની કે મોટી, તેના જમણા હાથ પર કે કપાળ પર મુદ્રા કરવી પડશે. આ માટે ખ્રિસ્તવિરોધીના જે પ્રતિનિધિઓ હાલ ફરી રહ્યા છે, તેઓ દરેક વ્યક્તિની નોંધને એકત્ર રીતે અંકિત કરવામાં વ્યસ્ત છે. મોટા ભાગના દેશોએ આધાર માટે કાર્ડ આપ્યું છે. મોબાઈલ નંબર, બેન્ક ખાતુ ૧૬ અંકોમાં કરવામાં આવી રહ્યા છે અને તેમાં કંપ્યુટરની સંખ્યા ઉમેરીને તેને ૧૮ની સંખ્યા કરવામાં આવી રહી છે.જો ૧૮ અંકની સંખ્યાને ગણીએ તો તે ૬૬૬ ની અનન્ય સંખ્યા આપે છે. આ બધી વિગતો એક બાયોચિપમાં ઉમેરવામાં અવી રહી છે અને કહેવાય છે કે આ ચીપ વ્યક્તિના જમણા હાથમાં કે કપાળમાં મૂકવાની તૈયારી થઈ રહી છે! ખ્રિસ્તવિરોધીના પ્રતિનિધીઓ યોગ્ય સમયે આ ચીપ આપણા શરીરમાં મૂકવાની રાહ જોઈ રહ્યા છે!

હવે સતાવણીના સાત વર્ષો શરૂ થવા જઈ રહ્યા છે. છઠ્ઠી મુદ્રા તોડાઈ ગઈ છે. અને તેની અસર અનુભવાઈ હતી! મોટા પ્રમાણમાં પ્રત્યાઘાતો હજુ આવવાના બાકી છે. વિનાશ વિશે ઈશ્વરના એક સેવકે વર્ણન કર્યુ છે, જે નીચે મૂજબ છેઃ

૧. સ્વર્ગમાંનું ઈશ્વરનું સૈન્ય
લાખોને લાખો સાથે દેખાયું
જનસમૂહો ગૂફાઓ માટે દોડ્યા
તારાઓએ સ્થાન બદલ્યા.

(અનુસંધાન પાન ૯ પર)



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

**(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)**

**"જે વાંચે, તે સમજે"** (માથ્થી ૨૪:૧૫)

### યહોવા પ્રભુ જેમણે સર્જન કર્યુ !

તે તો ઈશ્વરની કૃપા હતી કે વર્ષ ૧૯૬૨ તથા ૧૯૬૫ દરમિયાન હું **ઈરાનીયલ સરકારી સ્કુલ**માં ભણી શક્યો હતો, જે મારા વતનના ગામથી નજીકમાં હતી. ત્યાર પછી મેં મારો પ્રી-વિદ્યાર્થી અભ્યાસક્રમ (PUC) **લક્ષ્મીપૂરમની આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ**માં પૂરો ક્યો હતો, જે પણ મારા ગામની નજીકમાં હતી.



રેવ. ડો. એ. સેલ્વરાજ


રેવ. ડો. એ. સેલ્વરાજ, જેઓ હવે યેરકુડમાં પ્રભુની સેવા કરી રહ્યા છે, તેઓ ઘણા લાંબા સમય સુધી જામૂના મારૂધૂરના આદિવાસીઓ માટે મિશનરી સેવા કરી રહ્યા હતા. તેમણે મારી સાથે હાઈસ્કુલમાં અભ્યાસ ક્યો હતો. તેઓ મારા આત્મિક આદર્શ રહ્યા છે.

તેઓ ફક્ત મિત્ર જ ન હતા, તેમણે મને મારી સેવામાં પણ પ્રોત્સાહન આપ્યુ હતુ. તેમણે મને મારા પ્રાર્થનામય જીવનમાં પ્રેરણા આપી હતી અને મને આત્મિક રીતે વૃધ્ધિ કરવામાં સહાય કરી હતી. ઈશ્વર પ્રભુએ દુનિયાના વિરોધી બળો સામે, દેહમાં તથા શેતાન સામે લડવા દોરવણી આપી હતી. ઈશ્વર પ્રભુએ અમને ફિલ્મો, દુન્યવી મનોરંજનો, ખોટી આદતો અને નશીલા પદાર્થોના ગુલામ ન બનવા સહાય કરી હતી. પણ ઈશ્વર પ્રભુએ અમને પવિત્ર જીવનમાં વધવા સહાય કરી હતી.

તે સમયે, મારું કુટુંબ આર્થિક રીતે નબળુ હતું. તેથી મારી કાકી શ્રીમતી રોસલેટ દેવાકાડાડશામે મારા માટે દરેક દિવસે જ્યારે હું કોલેજમાં હતો ત્યારે બપોરના જમણની વ્યવસ્થા કરી હતી. તેણી ઉદાયાઝવિલાઈ નામના સ્થળે રહેતી હતી. તેણીના બાળકો ભાઈ પ્રિન્સ, બહેન જેસ્મીન ફ્લોરાલ, ભાઈ વાઈસ તથા મારી નાની બહેન ડૌટીએ મારી સારી કાળજી લીધી હતી, જાણે કે તેઓ એક નાના ઈસુની કાળજી લેતા હોય. તેમના જીવનમાં, ઈશ્વરનું ભય હતુ અને તે હું તેમની પાસેથી શીખી શક્યો હતો.

આ સમયમાં, મારામાં એક ઊંડી ઈચ્છા વિકસવાની શરૂ થઈ હતી. તે મારી અદમ્ય ઈચ્છા હતી કે હું નિષ્કલંક અને સારા સદ્દગુણો વાળા વ્યક્તિ તરીકે મોટો થાઉં. હું હમેશા ઈશ્વર પ્રભુ માટે સારું કામ કરવાની ઈચ્છા રાખતો હતો, જેમણે આ સૃષ્ટિની રચના કરી હતી અને સર્વ પૂરુ પાડ્યું હતું. કલમ પ્રમાણે, **"કેમ કે જે પોતાની પ્રસન્નતા પ્રમાણે તમારામાં ઈચ્છવાની તથા કરવાની પ્રેરણા કરે છે, તે તો દેવ છે."** (ફિલિપ્પીઓને પત્ર ૨:૧૩), હું પ્રામાણિક જીવવા માગતો હતો ઈશ્વર પ્રભુ માટે કંઈક મોટું કરવાની ઈચ્છા વિકસાવી રહ્યો હતો. આ ધ્યેય પૂરૂ કરવા, મેં મારા દુન્યવી મિત્રોને, સંબંધીઓને અને મિલકતોને ગુમાવવાને માટે પણ સમર્પિત થયો હતો. મેં તેમાનાં ઘણાને ગુમાવ્યા હતા.

આમ, મારા જુવાનીના દિવસોથી, હું પ્રભુ સિવાય અને તેમને લગતી બાબતો સિવાય બીજા કશામાં રસ ધરાવતો ન હતો. હું દુનિયાની ઘણી વસ્તુઓને પણ જાણતો ન હતો. મારા શાળાના કેટલાક શિક્ષકો માનતા હતા કે હું સુસ્ત વિદ્યાર્થી હતો અને તેથી તેમણે સારી સાથે તે રીતે વર્તન કર્યુ હતું. પણ, **"...કેમ કે ઈસુ ખ્રિસ્ત અને તે વધસ્તંભે જડાયેલો, તે સિવાય હું તમારી સાથ રહીને બીજું કંઈ ન જાણું, એવો મેં નિશ્ચય કર્યો."** (૨ કરિંથીઓને પત્ર ૨:૨) ઈશ્વર પ્રભુએ મારા મનને અને હૃદયને બનાવ્યુ હતું, ફક્ત તેમને વિશે વિચાર કરવા અને તે પ્રમાણે જીવવા માટે પવિત્ર આત્માએ પણ મારી પરિસ્થિતિને અધિકાર તરીકે સમજવામાં સહાય કરી અને નહિ કે નિર્બળતા તરીકે.



*S. Sam Selva Raj (Age : 18)*

ઉદાહરણ તરીકે, જો હું કોઈ ફિલ્મ શાળામાં અચાનક જોતો અથવા જ્યારે હું મુસાફરી કરી રહ્યો હોઉં અથવા જાણે કોઈ ખરાબ વાતો સાંભળવાનું થાય, ત્યારે મારી આંખો કદાચ તે જુએ અને મારા કાનો કદાચ તેમને સાંભળે. પણ, મારા મનમાં કે હૃદયમાં કશું આવતું ન હતું. હું અનુભવી શકતો હતો મારી અંદરના એક પ્રકારના નકારને આવી દુનિયાની બાબતો માટે. હું જે પણ જોતો કે સાંભળતો, તે મારા હૃદયમાંથી ભૂસાઈ જતું હતું હું તે ફરી યાદ કરી શકતો ન હતો, કે મેં શું સાંભળ્યું કે જોયું હતુ. **"...હું જ્ઞાનીઓના જ્ઞાનનો નાશ કરીશ, અને બુધ્ધિમાનોની બુધ્ધિને નિરર્થક કરીશ."** (૧ કરિંથીઓને પત્ર ૧:૧૯).

દુન્યવી લોકો મને નગણ્ય માણસ તરીકે માનતા હતા. પણ હું તે માટે ચિંતા કરતો ન હતો. મારું હૃદય જાણતું હતું કે સર્વશક્તિમાન પ્રભુ મારી અંદર વાસ કરે છે અને તેઓ મને વધુને વધુ ઊંચાઈએ જવા દોરી રહ્યો છે. દુન્યવી કહેવત, "હજુ શીખો અને તેને ભુલી જાઓ" મને લાગુ પડતી ન હતી. જો કે હું આ દુનિયામાં જીવતો હતો, ઈશ્વરે મને તાલિમ આપી હતી કે હું જુદી જીંદગી જીવી શકું.

**"પણ લખેલું છે કે, જે વાનાં આંખે જોયા નથી, અને કાને સાંભળ્યા નથી, જેઓ માણસના મનમાં પેઠાં નથી, જે વાનાં દેવે પોતાના પર પ્રેમ કરનારાઓને સારું સિધ્ધ કર્યા છે."**

**"તે તો દેવે આત્માથી આપણને પ્રગટ કર્યા છે; કેમ કે આત્મા સર્વને, હા, દેવનાં ઊંડા વિચારોને પણ શોધે છે."**

**"કેમ કે કોઈ માણસની વાતો તે માણસમાં જે આત્મા છે તે સિવાય કયું માણસ જાણે છે? એમ જ દેવના આત્મા સિવાય દેવની વાતો બીજો કોઈ જાણતો નથી."**

**''પણ અમે જગતને આત્મા નહિ, પણ જે આત્મા દેવ તરફથી છે તે પામ્યા છીએ; જેથી દેવે આપણને જે વાનાં આપેલા છે તે અમે જાણીએ.''** (૧કરિંથીઓને પત્ર ૨:૯-૧૨)



શ્રી. સી. સેલ્વમ



શ્રી. ગિલ્બટ રોય

આવી આપેલી પરિસ્થિતિમાં, સ્વ. શ્રી. સી. સેલ્વમ, જેઓ વ્યાપારી સંસ્થા, નૈય્યોરના સ્થાપક હતા તેઓ સમજી શક્યા હતા કે ઈશ્વર માટે મારામાં ખાસ હેતુ હતો અને તેઓ મને કંઈક મોટું કરવા ઘડી રહ્યા હતા. તેઓ મારા પિતાના મિત્ર હતા. તેઆ મારી આર્થિક પૃષ્ઠભૂમિ જાણતા હતા અને તેમણે મને કાર્યાલય વહિવટમાં, ટાઈપિંગમાં, શોર્ટ-હેન્ડ લખવામાં (બન્ને અંગ્રેજી તથા તામિલમાં) શીખવામાં સહાય કરી હતી. તેઓ મને વારંવાર કહેતા રહેતા હતા, ''તું એક દિવસ ઈશ્વરનો અદ્ભૂત સામર્થ્યવાન સેવક અને વહિવટકર્તા બનશે.'' તદ્ઉપરાંત, તેમણે તેમના સહાયક, શ્રી ગિલ્બર્ટ રોયને મારી દેખભાળ રાખવા કહ્યુ હતું. શ્રી. ગિલ્બટ રોય હવે કન્યાકુમારી ક્રિશ્ચિયન ફોરમ, ચેન્નાઈના પ્રમુખ છે. તેમણે મને ઈમીયામ્મા સાતાયાસીની સમ્માલની દેખરેખ હેઠળ રાખ્યો હતો, જેણી એક ઈશ્વરની સમર્પિત સેવિકા હતી.

''શું કુંભારને એકનાએક ગારાના એક ભાગનું ઉત્તમ કાર્યને માટે તથા બીજાનું હલકા કામને માટે પાત્ર ઘડવાને ગારા પર અધિકાર નથી?'' (રોમનોને પત્ર ૯:૨૧). આ કલમ પ્રમાણે ઈશ્વરે મને ઘડવામાં શરૂઆત કરી હ. - * - * -

---

(પાન ૭ પરથી આગળ...)

અને પૃથ્વી પર દરેક સ્થળે પડ્યા.
પણ હું મારા વહાલા સાથે જોડાયો
નાચતો અને ગાતો.
હાલેલુયા! હાલેલુયા! (૮ વખત)
૨. પાંચ ખંડોમાંના સર્વ પ્રદેશોનો
અંત આવશે!
અંધકાર છવાશે! વીજળીઓ થશે!
ત્યાં રડવું થશે અને
આંસુઓ રેડાશે!
પણ સાક્ષીઓના ગીતો
સંતો તરફથી સંભળાશે.
૩. સમુદ્ર ગરજશે, સરહદો તૂટી જશે.
વહાણો ડૂબી જશે, ભારે વિનાશ થશે!
વાહનવ્યવહાર થંભી જશે.
અને ત્યાં હવે દુનિયા નહિ હોય!
ઈશ્વરનું કેવું નિષ્ફળ ન જતું વચન
વાતો પરિપૂર્ણ થશે.

– જે ઈમિલ જેબા સિંહ

## પ્રભુનો દિવસ!

આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત લગભગ ૨૦૦૦ વર્ષો પહેલા જગતમાં એક નમ્ર તારણહાર તરીકે ગધેડા પર સવાર થઈને આવ્યા હતા. (ઝખાર્યા ૯:૯). પણ તેમના બીજા આગમનના સમયે તેઓ સંતો સાથે જૈતૂનના પહાડ પર ઉતરશે. (ઝખાર્યા ૧૪:૪). તે દિવસ કોપનો, મુશ્કેલી તથા આપત્તિનો દિવસ હશે!

''તે દિવસે કોપનો દિવસ, દુ:ખ તથા સંકટનો દિવસ, ઉજ્જડપણાનો તથા વેરાનપણાનો દિવસ, અંધકારનો તથા ઝાંખનો દિવસ, વાદળાં તથા ગાઢ અંધકારનો દિવસ,... યહોવાના કોપને દિવસે તેમનું સોનુંરૂપું તેમને ઉગારી શકશે નહિ...'' (સફાન્યા ૧:૧૫,૧૮).

**''જુઓ, તે વાદળાંસહિત આવે છે, દરેક આંખ અને જેઓએ તેને વીંધ્યો તેઓ પણ તેને જોશે; અને પૃથ્વી પરની સર્વ જાતિઓ તેને લીધે વિલાપ કરશે. હા, આમીન.'' (પ્રકટીકરણ ૧:૭)**

આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત ખ્રિસ્તવિરોધીના અરાજકતાના સાત વર્ષ પૂરા થતા જૈતૂન પહાડ પર ઉતરશે, તેમના પહેલા આગમન વખતે ઈસુ આ જગતના નમ્ર તથા સાલસ તારનાર તરીકે આવ્યા હતા, પણ તેમના બીજા ખુલ્લા આગમન વખતે, તેઓ રાજાઓના રાજા તથા ન્યાયી ન્યાયધીશ તરીકે આવશે. હવે તેઓ ઘોડા પર બેસીને સેંકડો, હજારો સંતો સાથે, જેઓ પોતાના સફેદ ઘોડાઓ પર બેસીને આવે છે, તેમની સાથે છે. (પ્રકટીકરણ ૧૯:૧૧, ૧૪).

**''કેમ કે તે આવે છે, તે પૃથ્વીનો ન્યાય કરવા આવે છે, તે યથાર્થપણે જગતનો, અને તેની સત્યતાએ લોકોનો ન્યાય કરશે.'' (ગીતશાસ્ત્ર ૯૬:૧૩).**

સંતોના આગમન સાથે કૃપાનો સમય પૂરો થશે અને લોકોનો તેમના કામો અનુસાર ન્યાય કરવામાં આવશે. ત્યાં કોઈ પણ દયા બતાવવામાં આવશે નહિ. જો કોઈ વ્યક્તિ બચાવ પામવા માંગશે, તો તે બચાવ પામશે નહિ કેમ કે કૃપાનો સમય પૂરો થયો છે, અને જો તે હજુ પણ ઈશ્વરના રાજ્યમાં પ્રવેશવા માંગે છે, તો તેણે શાહેદ તરીકે મરવું પડશે, સતાવણીના સમયકાળ દરમિયાન.

પ્રભુનું આગમન હવે કોઈપણ સમયે થશે. તેથી આ તારણ માટેનો યોગ્ય સમય છે.

તારણ ઈશ્વરનું મોટું કૃપાદાન છે. (રોમનોને પત્ર ૬:૨૩). તારણ વ્યક્તિગત છે. દરેક દરેક જણે તારણ પામવું જોઈએ. આજે તે હલવાનના રક્ત મારફત તમારી પાસે વિના મૂલ્ય આવ્યું છે. દુનિયા જીવન અને મરણ મૂકે છે! મરણનો નકાર કરો, જીવન પકડી લો. આ માટે તમારે ઈસુની તરફ જોવું પડશે, પસ્તાવો કરવો પડશે અને તમારા પાપ કબૂલ કરવા પડશે. પ્રભુ ઈસુ ખ્રિસ્ત તમારા પાપો તેમના નિષ્કલંક રક્તથી ધોવા માટે વિશ્વાસુ છે. પવિત્રશાસ્ત્ર કહે છે, ''ઈસુ ખ્રિસ્તનું રક્ત આપણને સઘળાં પાપથી શુધ્ધ કરે છે.'' જો તમે તેમ કરશો, તો તમે ન્યાયના દિવસે ઈશ્વરના કોપથી બચી જશો, કેમ કે સર્વ અધાર્મિક, દુષ્ટ અને બંડખોર લોકોએ તેમની આગળ ઊભુ રહેવું પડશે. અને તેમના કામોનો હિસાબ આપવો પડશે. **સમય થોભશે નહિ! આજે જ તે કરો!**

દુનિયા ખ્રિસ્તવિરોધીના ઉભરી આવવા પૂર્ણપણે તૈયાર થઈ રહી છે. તેના સાત વર્ષના શાસન પછી, પ્રભુ ઈસુ ખ્રિસ્ત ખુલ્લી રીતે રાજાઓના રાજા તથા ન્યાયી ન્યાયધીશ તરીકે આવશે અને ખ્રિસ્તવિરોધી અને તેના માણસો સામે લડશે. ખ્રિસ્તવિરોધીની પાછળ શેતાન ચાલક બળ હશે. પ્રભુ ખ્રિસ્તવિરોધીની તથા તેના માણસો સામે આર્માગેદ્દાનમાં તેમના સંતો સાથે સામે મળશે. યહૂદિયાના તથા ઈસ્રાએલના લોકો ઈસુને ટેકો આપશે. (ઝખાર્યા ૯:૧૩). તે કદાચ એક દિવસની લડાઈ હશે! લડાઈમાં ખ્રિસ્તવિરોધ અને જૂઠો પ્રબોધક હારી જશે અને પકડાઈ જશે અને તેમને અગ્નિની ખાઈમાં નાખી દેવામાં આવશે. શેતાનને પણ પકડવામાં આવશે અને તેને હાદેસમાં હજાર વર્ષો માટે બંધ કરવામાં આવશે! (પ્રકટીકરણ ૨૦:૧,૨).

પ્રભુ ઈસુ ખ્રિસ્તનું આવવું નક્કી છે, ચોક્કસ નજીક છે! તેમના આગમનમાં તણાઈ જવા તૈયાર રહો. ઈશ્વર તમને આશીર્વાદ આપો.

- * - * - * -

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/21-23 WPP NO. TN/PMG(CCR)/WPP-216/21-23

## ઈકો ઓફ હીજ કોલ

### યુટ્યુબ

જ્યારે તમને સમય મળે ત્યારે કૃપા કરીને અમારી **ઈકો ઓફ હીજ કોલ યુટ્યુબ ચેનલ** જુઓ અને તેને સબસ્ક્રાઈબ કરો. આભાર

– સંપાદક

## OUR BANK DETAILS:

### *1. Bank : State Bank of India*

Branch : **Triplicane, Chennai-5**
Name : **S. Sam Selva Raj**
A/C No. : **1023 2934 679**
IFSC : **SBIN 00 00 249**
SWIFT CODE : **SBI NIN BB 455**

### *2. Bank : ICICI Bank*

Branch : **Anna Salai, Chennai-6**
Name : **Echo of His Call**
A/C No. : **6038 0502 2319**
IFSC : **ICIC 000 6038**

### *3. Bank : State Bank of India*

**(This Account is for Tax Exemption for Indians only )**

Branch : **Triplicane, Chennai-5**
Name : **Echo of His Call Educational Trust**
A/C No. : **1023 2923 805**
IFSC : **SBIN 00 00 249**

**Google Pay: 98410 71858**
**PayPal : SAM SELVA RAJ**

*****

**E.mail : sam@echoofhiscall.org**

## તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

**વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/-** **આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-**

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારૂં સરનામું **ECHO OF HIS CALL**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.com

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

**RNI NO. 70103/98**
**Postal Regn. No. TN/CH/(C)/203/21-23**
**WPP NO. TN/PMG(CCR) / WPP- 216/21-23**
**Date of Publication: Third week of every month**
**Date of Posting : 15th & 16th of every month**
**Posted at "Egmore RMS / 1 Patrika Channel"**
**on 17th MAY 2022**
**If un-delivered please return to:**
**ECHO OF HIS CALL (GUJARATI)**
**P.O. Box No. 2957,**
**Chepauk, Chennai - 600 005, INDIA.**
**Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766**

***JESUS LOVES YOU!***

**To**

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No. 18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by him at **Echo of His Call Printers**, New No. 8 & 10, Old No. 18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**